2374

નોવેલ કોરોના વાયરસ (COVID-19)ના સંક્રમણના કારણે કામ પર ગેરહાજર શ્રમયોગીઓ/કર્મચારીઓને છટણી ન કરવા / પગાર ન કાપવા બાબત

શ્રમ આયુક્તની કચેરી
પરિપત્રક્રમાંક: શ્ર.આ.ક/પરિપત્ર/[illegible]/૨૦૨૦
ગુજરાત રાજ્ય, ગાંધીનગર
તા. ૧૬/૦૪/૨૦૨૦

વંચાણે લીધો :-

(૧) શ્રમ આયુક્તની કચેરી, ગુજરાત રાજ્ય, ગાંધીનગરનો તા.૨૧/૦૩/૨૦૨૦નો પરિપત્ર
(૨) શ્રમ આયુક્તની કચેરી, ગુજરાત રાજ્ય, ગાંધીનગરનો તા.૧૦/૦૪/૨૦૨૦નો પરિપત્ર ક્રમાંક:શ્ર.આ.ક/પરિપત્ર/૩૮૫/૨૦૨૦

:પરિપત્ર:

ભારત સરકારશ્રી દ્વારા કોરોના વાયરસના સંક્રમણને રોકવા સમગ્ર રાષ્ટ્રમાં લોકડાઉન જાહેર કરવામાં આવેલ છે. જે અન્વયે ઉક્ત વંચાણે લીધેલ પરિપત્ર ક્રમાંક-(૧) થી શ્રમયોગીઓ/કર્મચારીઓને તા.૧૪/૦૪/૨૦૨૦ સુધી નોકરી પર હાજર છે તેમ ગણી તેઓના પગારમાંથી કોઇ કપાત ન કરવા કે છટણી ન કરવા માટે અનુરોધ કરવામાં આવેલ.

ભારત સરકાર દ્વારા લોકડાઉનની અવધિ તા. ૦૩/૦૫/૨૦૨૦ સુધી વધારવામાં આવેલ છે, ઉક્ત તા.૨૧/૦૩/૨૦૨૦ના પરિપત્રમાં જણાવેલ અનુરોધ તા. ૧૪/૦૪/૨૦૨૦ ના બદલે લોકડાઉન પૂર્ણ થાય એટલે કે તા. ૦૩/૦૫/૨૦૨૦ સુધી ગણવાનો રહેશે. તથા ઉક્ત બંને પરિપત્રોમાં દર્શાવેલ અન્ય જોગવાઇઓ યથાવત રહેશે.

શ્રમ નિયામક
ગુજરાત રાજ્ય, ગાંધીનગર

Scanned with CamScanner

**આણંદ કૃષિ યુનિવર્સિટી**

**આણંદ-૩૮૮ ૧૧૦**

**કોરોના વાઈરસના સંક્રમણના કારણે કામ પર ગેરહાજર શ્રમયોગી/કર્મચારીઓને છટણી ન કરવા /પગાર ન કાપવા બાબત..**

**નકલ સવિનય રવાના જાણ તથા અમલ થવા સારૂ.**

(૧) હિસાબ નિયામકશ્રી, આ.કૃ.યુ. આણંદ

(૨) તમામ યુનિટ/સબ યુનિટ કચેરીઓ તરફ જાણ તથા ઉકત પરિપત્ર મુજબ કચેરી કક્ષાએથી યોગ્ય નિર્ણય લઈ જરૂરી કાર્યવાહી કરવા વિનંતી.

કુલસચિવ

**નં. આકૃયુ/રજિ/સંકલન/૧૫૮૩ /૨૦૨૦**
**તા.૧૨/૦૫/૨૦૨૦**

**નકલ રવાના:**

(૧) કુલસચિવશ્રીના અંગત મદદનીશ,આ.કૃ.યુ. આણંદ તરફ.

(૨) આ કચેરીની એડીએમ-૩ શાખા તરફ જાણ તથા અમલ થવા સારૂ.

# આણંદ કૃષિ યુનિવર્સિટી
## આણંદ

ડૉ એમ.એમ.ત્રિવેદી
ઇ/ચા, કુલસચિવ

ફોન/ફેકસ(ઓ)-૦૨૬૯૨- ૨૬૧૩૧૦
E-mail : registrar@aau.in

**વંચાણે લીધા :** શ્રમ નિયામકશ્રી, શ્રમ આયુકતની કચેરી,ગુજરાત રાજ્ય, ગાંધીનગરની કચેરીના પરિપત્ર તા.૨૧/૦૩/૨૦૨૦ તથા પરિપત્ર ક્રમાંક : શ્ર.આ.૮/કોરોના/૬૧૦/૨૦૨૦ તા.૨૨/૦૩/૨૦૨૦

**નોવેલ કોરોના વાયરસ (KOVID-19) ના સંક્રમણના કારણે કામ પર ગેરહાજર અસંગઠીત શ્રમયોગીને છુટા ન કરવા/પગાર ન કાપવા બાબત.**

## :: પરિપત્ર ::

આથી આ યુનિવર્સિટી હેઠળની તમામ કચેરી/વિભાગીય વડાશ્રીઓને જાણ કરવામાં આવે છે કે શ્રમ નિયામશ્રી,ગાંધીનગરના ઉપરોકત વંચાણે લીધા પરિપત્ર તા.૨૧/૦૩/૨૦૨૦ તથા તા.૨૨/૦૩/૨૦૨૦ના પરિપત્ર આ સાથે સામેલ છે, જે મુજબ કચેરી કક્ષાએથી યોગ્ય નિર્ણય લઇ જરૂરી કાર્યવાહી કરવા આથી જાણ કરવામાં આવે છે.

સદર પરિપત્ર યુનિવર્સિટીની કામગીરીની જરૂરીયાત તથા પ્રવર્તમાન પરિસ્થિતિને ધ્યાને લઇ માન.કુલપતિશ્રીની આજ્ઞાનુસાર યુનિવર્સિટી હિતાર્થે બહાર પાડવામાં આવે છે.

કુલસચિવ

**જા.નં. આકૃયુ/રજી/સંકલન/** ૧૫૬૬ **/૨૦૨૦**
**તા.**૧૬**/૦૪/૨૦૨૦**

**નકલ જયભારત સાથ રવાના :**

૧. માન.કુલપતિશ્રીના રહસ્ય સચિવશ્રી, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ
૨. અત્રેની યુનિવર્સિટીના તમામ કચેરી વડાશ્રી/વિભાગીય વડાશ્રીઓ તરફ જાણ તેમજ ઘટતુ થવા સારૂ.
3. નિયામકશ્રી,ઇન્ફોર્મેશન ટેકનોલોજી,આણંદ કૃષિ યુનિવર્સિટી,આણંદ તરફ સદરહુ પરિપત્ર તમામ કચેરી વડાશ્રીઓ/ વિભાગીય વડાશ્રીઓ તરફ વેબમેઇલીંગ મારફતે જાણ કરવા સારૂ.
૪. સામાન્ય/હુકમ ફાઇલ

નોવેલ કોરોના વાઇરસ (COVID.19)ના સંક્રમણના કારણે કામ પર ગેરહાજર શ્રમયોગી/કર્મચારીઓને છટણી ન કરવા / પગાર ન કાપવા બાબત

Office of the ... 23 MAR ... 22965

શ્રમ આયુક્તની કચેરી
ગુજરાત રાજ્ય, ગાંધીનગર
તા. 21/03/2020

:: પરિપત્ર ::

તાજેતરમાં ફેલાયેલ નોવેલ કોરોના વાઇરસ (COVID.19) સંબંધમાં ભારત સરકાર તથા ગુજરાત સરકાર દ્વારા નાગરિકોએ લેવાની થતી તકેદારીઓ અન્વયે માર્ગદર્શિકા પ્રસિદ્ધ કરેલ છે. જે મુજબ સરકારશ્રી દ્વારા નાગરિકોને શક્ય હોય તો ઘરેથી કામ કરવાની અને લોક સંપર્ક ટાળવાની સલાહ આપવામાં આવેલ છે.

ભારત સરકારના શ્રમ મંત્રાલય તરફથી પણ આ કષ્ટદાયી પરિસ્થિતિમાં શ્રમિકોની નોકરી પરથી દુર કરવા કે પગાર વગર રજા ઉપર રહેવાની ફરજ પાડવાના બનાવો બને તેવી શક્યતા ધ્યાને લઇ જાહેર/ખાનગી સંસ્થાઓના માલિકો/કારખાનેદારોએ તેઓની સંસ્થા/કારખાનામાં કામ કરતા તમામ શ્રમયોગીઓ/કર્મચારીઓને ખાસ કરી રોજમદાર અથવા કોન્ટ્રાક્ટના કર્મચારીઓને નોકરી ઉપરથી દુર ના કરવા કે તેમના પગારમાં ઘટાડો ન કરવા અનુરોધ છે તથા શક્ય હોય તેટલા કામદારો/કર્મચારીઓને ઘરેથી કામ કરી શકે તેવી વ્યવસ્થા ગોઠવવી. આ માટે કર્મચારીઓને લેપટોપ/ટેબલેટ જેવી સગવડ આપવાની વ્યવસ્થા આપતો એક્શન પ્લાન પણ સંસ્થાઓ બનાવી શકે છે. જો કોઇ શ્રમયોગી/કર્મચારી કોરોના વાઇરસથી અસરગ્રસ્ત થયેલ હોય કે અસરગ્રસ્ત હોવા અંગેના શંકાસ્પદ વ્યક્તિ તરીકે Identify થયેલ હોય કે આ મહામારી સંલગ્ન અન્ય કારણોસર જો તા.૧૫/૦૪/૨૦૨૦ સુધી ગેરહાજર રહે તો તેઓ નોકરી/કામ પર હાજર છે તેમ ગણવા તથા તેઓના પગારમાંથી કોઇ કપાત ન કરવા કે તેઓની છટણી ન કરવી. આ ઉપરાંત, મહામારીના પરિણામે જો આપની સંસ્થા અથવા કારખાનુ બંધ રાખવાના સંજોગો ઊભા થાય તો તે સમય માટે કર્મચારી/શ્રમયોગીને ફરજ ઉપર હાજર ગણવા અને પગાર કપાત ન કરવા આથી અનુરોધ કરવામાં આવે છે. આમ કરવાથી રાજ્યની જાહેર/ખાનગી સંસ્થાઓ/કારખાનાઓમાં કામ કરતા શ્રમયોગીઓને આર્થિક તેમજ નૈતિક ટેકો આપીને શ્રમયોગીઓ/કર્મચારીઓ તથા તેમના પરિવારજનોને કટોકટીના સમયમાં સહાય કરવાની સામાજિક જવાબદારી નિભાવવા કટિબદ્ધ થઇએ.

શ્રમ નિયામક
ગુજરાત રાજ્ય, ગાંધીનગર

23/3

Scanned with CamScanner

૧૭

નોવેલ કોરોના વાઇરસ (COVID.19)ના સંક્રમણના કારણે કામ પર ગેરહાજર અસંગઠિત શ્રમયોગીને છૂટા ન કરવા / પગાર ન કાપવા બાબત

શ્રમ આયુક્તની કચેરી

ગુજરાત રાજ્ય, ગાંધીનગર

પરિપત્ર ક્રમાંક: શ્ર.આ.૮/કોરોના/ ૬૧૦/૨૦૨૦ ૧૧૧૯

તા. ૨૨.૦૩.૨૦૨૦

:પરિપત્ર:

તાજેતરમાં ફેલાયેલ નોવેલ કોરોના વાઇરસ (COVID.19) સંબંધમાં ભારત સરકાર તથા ગુજરાત સરકાર દ્વારા નાગરિકોએ લેવાની થતી તકેદારીઓ અન્વયે માર્ગદર્શિકા પ્રસિદ્ધ કરેલ છે. જે મુજબ સરકારશ્રી દ્વારા નાગરિકોને શક્ય હોય તો લોક સંપર્ક ટાળવાની સલાહ આપવામાં આવેલ છે. આ બાબત ધ્યાને લઇ મ્યુનિસિપલ કોર્પોરેશન, મ્યુનિસિપાલિટી અને શહેરી વિસ્તારમાં અસંગઠિત ક્ષેત્રે કામ કરતાં શ્રમયોગીઓ જેવાં કે, ઘરકામ કરતાં, ઘરમાં રસોઈયા તરીકે કામ કરતાં, ઘરમાં સફાઈ કામ કરતાં, હાઉસકીપરની કામગીરી કરતાં વગેરે જેવાં શ્રમયોગીઓને તા. ૩૧/૦૩/૨૦૨૦ સુધી સ્વૈચ્છિક રજા આપવા તથા તે સમયગાળાનો પગાર પણ આપવા અનુરોધ છે. આ ઉપરાંત સર્વન્ટ ક્વાર્ટરમાં રહી કામ કરતાં શ્રમયોગીઓ પાસે કામ કરાવી શકાય છે પરંતુ આ શ્રમયોગીઓ બને ત્યાં સુધીક્વાર્ટરની બહાર ન જાય અને અન્ય વ્યક્તિના સંપર્કમાં ન આવે તેની કાળજી રાખવી જેથી આ મહામારીનો ફેલાવો અટકાવી શકાય.

જો કોઇ શ્રમયોગી કોરોના વાઇરસથી અસરગ્રસ્ત થયેલ હોય કે અસરગ્રસ્ત હોવા અંગેના શંકાસ્પદ વ્યક્તિ તરીકે Identify થયેલ હોય કે આ મહામારી સંલગ્ન અન્ય કારણોસર જો તા.૩૧/૦૩/૨૦૨૦ સુધી ગેરહાજર રહે તો તેઓ નોકરી/કામ પર હાજર છે તેમ ગણવા તથા તેઓના પગારમાંથી કોઇ કપાત ન કરવા કે તેઓને છૂટા ન કરવા. આમ કરી રાજ્યમાં અસંગઠિત ક્ષેત્રે કામ કરતાં શ્રમયોગીઓને આર્થિક તેમજ નૈતિક ટેકો આપીને શ્રમયોગીઓ તથા તેમના પરિવારજનોને કટોકટીના સમયમાં સહાય કરવાની સામાજિક જવાબદારી નિભાવવા કટિબદ્ધ થઇએ.

શ્રમ નિયામક

ગુજરાત રાજ્ય, ગાંધીનગર

Scanned with CamScanner